| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૬/૦૮/૨૦૨૦ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૪૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૫ | ૦ | ૧૦૩૬૫ | ૧૬૪૫૫ | ૦ | ૧૬૪૫૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૭૩ | ૪ | ૧૪૦૭૭ | ૧૪૭૨૩ | ૧૩ | ૧૪૭૩૬ |
| કુલ | | ૨૮૮૨૦ | ૪ | ૨૮૮૨૪ | ૩૭૨૪૪ | ૧૩ | ૩૭૨૫૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૭ | ૮,૧૬,૬૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮૭ | ૧,૮૭,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

## પોકેટકોપ મોબાઈલ ફોનના માધ્યમથી બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાયેલ વાહનચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સિનીયર પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબની સીધા સુપરવિઝન હેઠળ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોર્ડ વુ.પો.સ.ઈ. જે.એસ.ચૌધરી સાહેબ તથા મ.સ.ઈ.નેભાભાઈ મેરામણભાઈ બ.નં.૭૮૦૭ તથા હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા પો.કો.જગમાલભાઈ વાલાભાઈ બ.નં.૬૧૯૩ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો.મહેશભાઈ બાબુભાઈ બ.નં.૧૩૦૬૪ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૯/૦૦ વાગે વટવા ટી જંકશન પાસે ઉભા રહી વાહન ચેકીંગ કરતા એક નંબર પ્લેટ વગરની એકટીવા ઊપર બે ઈસમો શંકાસ્પદ હાલતમાં આવતા જણાતા તેમને રોકી પુછપરછ કરી તેની પાસે એકટીવા ગાડીના આધાર પુરાવા કે કાગળો માંગતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી અને ગલ્લા તલ્લા કરવા લાગેલ જેથી પોકેટકોપ મોબાઈલ ફોનથી એકટીવા ગાડીના માલિકનુ નામ સર્ચ કરી તેઓને ફોનથી પુછપરછ કરતાં મનુભાઈ વીનુભાઈ દુધાતની માલિકીનુ હોવાનુ જણાતાં તેમનો મોબાઈલ ફોનથી સંપર્ક કરતાં ગઈકાલ તા.૨૪/૦૮/૨૦૨૦ ના બપોરના સમયગાળા દરમ્યાન બાપુનગર ડાયમંડ માર્કેટ બ્રિજની નીચેના પાર્કિંગમાંથી ચોરી થયેલાનુ જણાવેલ જેથી સદરી બાબતે તપાસ કરતાં બાપુનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૭૨૦૧૦૦૫/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીઓ (૧) ઉમંગકુમાર શૈલેષભાઈ જાતે દંતાણી (પટણી) ઉ.વ.૨૦ ધંધો મજુરીકામ રહે.બ્લોક નં,.૫૭૭/૧૯ ચાર માળીયા અશોકમીલ પાસે બાપુનગર અમદાવાદ શહેર તથા (૨) અનીલ ઉર્ફે અજય પ્રકાશભાઈ જાતે શર્મા ઉ.વ.૨૧ ધંધો. છુટકમજુરી રહે. જગન્નાથ મંદીર ની ફુટપાથ ઉપર જમાલપુર અમદાવાદ શહેરની પાસેથી નંબર પ્લેટ વગરનુ હોન્ડા એકટીવા મળી આવેલ જેનો એન્જીન નં.JC44E2149979 તથા ચેચીસ નં.ME4JC447FC8039179 નો છે. જેની કિ.રૂ.૨૫૦૦૦/- ગણી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી બંને આરોપીઓને કલાક ૧૯/૪૫ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે સોપવાની તજવીજ કરી પોકેટકોપ મોબાઈલ ફોનના માધ્યમથી વાહનચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



## **શાહપુર પોલીસ સ્ટેશન :**

## **મોબાઈલ ચોરીના બે ગુન્હા શોધી કાઢી મુદ્દામાલ રીકવરી કરી આરોપી પકડી પાડતી શાહપુર પોલીસ**

મે.પોલીસ કમીશ્નર સાહેબશ્રી તથા મે.સંયુકત પોલીસ કમીશ્નર સેકટર .૧ સાહેબ શ્રી તથા મે. નાયબ પોલીસ કમીશનર શ્રી ઝોન-૦૨ શ્રી વિજય પટેલ સાહેબ તથા ACP શ્રી “C” ડિવિઝન એસ. કે ત્રીવેદી સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધાયેલા મિલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવારનવાર સુચના મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેકટર શ્રી આર. કે. અમીન સાહેબ શાહપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના  મ.સ.ઈ ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ બ.નં.૭૬૮૯ નાઓ સર્વેલંસ સ્કોર્ડના સ્ટાફના  સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગ મા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮/૩૦ વાગ્યે શાહપુર સદુમાતાની પોળ પાસે આવતા સર્વેલંસ સ્કોર્ડના પો.કો દિવ્યરાજસીહ નીરુભા બ.નં.૧૦૧૩૪ તથા પો.કો પ્રીયવદન મનુભાઈ ને તેઓને પો.સ્ટે ખાતેથી ફાળવેલ પોકેટ કોપ મો.ફોન મારફતે એકલવ્ય સોફટવેર મા એસ.ડી.આર માહીતી મંગાવી અંગત બાતમીદાર થી ચોકકસ બાતમી મેળવી જે બાતમી હકીકત આધારે આરોપી કીરણ સ/ઓ રાજેશભાઈ દંતાણી ઉ.વ.૨૦ ધંધો.છુટકમજુરી રહે.૧૪૯૬,દરબારગલી, નાગોરીવાડ ચોકી ની સામે, શાહપુર અમદાવાદ શહેરવાળાને ચોરીમા ગયેલ વીવો તથા રેડમી કંપનીના બે મોબાઇલ ફોન કિં.રૂ.૯૦૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડી શાહપુર પો.સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૩૨૦૦૯૨/૨૦૨૦ તથા પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૩૨૦૦૯૩/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૮૦ મુજબનો ગુન્હો શોધી કાઢેલ છે. તા.૨૫/૦૮/૨૦૨૦

આ કામગીરી કરનાર ટીમ :-

(૧) શ્રી આર. કે. અમીન સાહેબ શાહપુર પોલીસ સ્ટેશન માર્ગદર્શન અને સુચના
(૨) મ.સ.ઈ ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ બ.નં.૭૬૮૯ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૩ મ.સ.ઈ રણજીતસીહ તખતસીહ બ.નં.૭૫૦૯ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૪) અ.હેડ.કોંસ જાવેદખાન અખ્તરખાન બ.નં.૯૬૬૮ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૫) પો.કો દિવ્યરાજસીહ નીરુભા બ.નં.૧૦૧૩૪ શાહપુર પોલીસ સ્ટેશન......બાતમી
(૬) પો.કો પ્રીયવદન મનુભાઈ બ.નં.૬૪૮૪ શાહપુર પોલીસ સ્ટેશન..........બાતમી
(૭) પો.કો જીતેશકુમાર સુરેશભાઈ બ.નં.૬૫૦૩ શાહપુર પોલીસ સ્ટેશન,અમદાવાદ શહેર
(૮) પો.કો શૈલેશભાઈ ગોવીદભાઈ બ.નં.૭૪૨૨  શાહપુર પોલીસ સ્ટેશન,અમદાવાદ શહેર
(૯) પો.કો. યુનુશખાન મુનાવરખાન બ.નં.૮૬૫૪ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૦) પો.કો. રોનકસીહ સુરેશભાઈ બ.નં.૪૬૦ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૧) પો.કો. વનરાજ ભરતભાઈ બ.નં.૧૧૯૬૭ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર .
(૧૨) પો.કો. રવીન્દ્ર હદયરામ  બ.નં.૨૮૬૪ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૩) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ બ.નં.૯૩૯૩ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
(૧૪) પો.કો. ઈસ્વર માલસુરભાઈ બ.નં.૧૧૯૫૨ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

આરોપી:- કીરણ સ/ઓ રાજેશભાઈ દંતાણી ઉ.વ.૨૦



**દરીયાપુર પોલીસ સ્ટેશન :**

## દરીયાપુર પોલીસ સ્ટેશન દ્વારા ઓટોરીક્ષા ચોરી કરેલ ઈસમને મુદ્દામાલ શોધી પોકેટ કોપ મો.ફોનની મદદથી દરીયાપુર પોલીસ સ્ટેશનનો ગુન્હો શોધી કાઢતી દરીયાપુર પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર ઝોન–૪ શ્રી રાજેશ ગઢીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી આર.આઈ. જાડેજા તથા પોલીસ ઈન્સપેકટર શ્રી જે.બી. ચાવડા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તા-૨૫/૮/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન દરીયાપુર પોલીસ સ્ટેશન ગુરન-૧૧૧૯૧૦૦૯૨૦-૧૦૪૮ ઈપીકો કલમ ૩૭૯ મુજબના કામના આરોપી -હરેશ @ હરીયો નટવરલાલ પઢીયાર ઉ.વ-૩૦ રહે-રેવા મહારાજની ચાલી કાજીમીયાનો ટેકરો માધુપુરા અમદાવાદ શહેરનાને તા-૨૫/૮/૨૦૨૦ ના કલાક ૨૧/૧૫ વાગે ઉપરોકત ગુન્હામાં ચોરીએ ગયેલ ઓટોરીક્ષા જેની આગળ પાછળની નંબર પ્લેટ પર નંબર પર નથી જે જેનો ચેચીસ નં-MD2A24AZ8GWF30627 અને એન્જીન નં- 24ZWGF61044 ના વંચાય જેની કિ રૂ.૫૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા પોકેટ્કોપની મદદથી માલીક સુધી પહોચી ગુન્હો શોધી કાઢી પ્રશસનીય કામગીરી કરેલ છે.

આરોપીઓ :- હરેશ @ હરીયો નટવરલાલ પઢીયાર ઉ.વ-૩૦ રહે-રેવા મહારાજની ચાલી કાજીમીયાનો ટેકરો માધુપુરા અમદાવાદ શહેર

મુદ્દામાલ :- ઓટોરીક્ષા જેની આગળ પાછળની નંબર પ્લેટ પર નંબર પર નથી જે જેનો ચેચીસ નં-MD2A24AZ8GWF30627 અને એન્જીન નં- 24ZWGF61044 ના વંચાય જેની કિ રૂ.૫૦,૦૦૦/-

ઝડપી પાડનાર અધિકારી/કર્મચારીઓ:- **(૧) પો.સબ.ઈન્સ શ્રી આર.પી દરજી** (૨) મસઈ અકબરખાન શેરખાન (૩) હેકો ઉદયભાન લક્ષ્મીકાંત (૪) હેકો જીતેન્દ્રભાઈ સુરજીભાઈ (૫) પોકો જીવણભાઈ રૂખડભાઈ (૬) લોકરક્ષક સંજયસીગ માનસીંગ (૭) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ (૮) લોકરક્ષક વસીમમીયાં ઉસ્માનમીયાં (૯) લોકરક્ષક મેરામણભાઈ કિસાભાઈ (૧૦) લોકરક્ષક ધનરાજસીહ દીપસીહ



## નરોડા પોલીસ સ્ટેશન :

## નરોડા તથા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના "વાહન ચોરીના" બે ગુન્હાનો ભેદ ઉકેલતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જી.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના માણસોએ પેટ્રોલીંગ દરમ્યાન બાતમી હક્કિત આધારે (૧)નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ- ૧૧૧૯૧૦૩૫૨૦ ૨૨૭૮/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ (૨) કૃષ્ણનગર પો.સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૨૧૫૧/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામના આરોપી હિતેષકુમાર ઉર્ફે ભોલે ભાલચંદ્ર રાવલ ઉ.વ-૪૨ ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે મ.નં-૫,સુમંગલ પાર્ક,ખોડીયાર પાર્ક પાસે, ગેલેક્ષી પાસે,નરોડા,અમદાવાદ નાને ઉપરોક્ત ગુનામાં ચોરી થયેલ બે સી.એન.જી. ઓટોરીક્ષા સાથે પકડી લઇ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે. તા-૨૫/૦૮/૨૦૨૦

આરોપીનુ નામ

હિતેષકુમાર ઉર્ફે ભોલે ભાલચંદ્ર રાવલ ઉ.વ-૪૨ ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે મ.નં-૫,સુમંગલ પાર્ક,ખોડીયાર પાર્ક પાસે, ગેલેક્ષી પાસે,નરોડા,અમદાવાદ

આરોપી એ કબુલાત કરેલ ગુના

(૧)નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ- ૧૧૧૯૧૦૩૫૨૦ ૨૨૭૮/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯
(૨) કૃષ્ણનગર પો.સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૨૧૫૧/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

મુદ્દામાલ – સી.એન.જી રીક્ષા નં- જી.જે-૦૧-ટી.એફ-૩૩૫૪ ની કિ રૂ ૧,૬૫,૦૦૦/- ની મત્તાની તથા સી.એન.જી રીક્ષા નં- જી.જે-૦૧-સી.એક્ષ-૫૭૧૯ ની કિ રૂ ૧,૦૦,૦૦૦/-ની મત્તાની તથા વીવો કંપનીનો કાળા કલરનો મોબાઇલ જેની કિ રૂ ૦૭,૦૦૦/- કુલ્લે મુદ્દામાલ રૂપીયા -૨,૭૨,૦૦૦/-

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કોન્સ વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરસિંહ કરણસિંહ બ.નં-૧૨૫૧૦ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫





# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૦૫/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ તથા ધી ટ્રેડ માર્ક એકટ કલમ ૧૦૨,૧૦૩,૧૦૪ મુજબના ગુનામા છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર.શ્રી “જે” ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય અને હાલમા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબનાઓ તરફથી તા ૧૭/૦૮/૨૦૨૦ થી તા ૩૧/૦૮/૨૦૨૦ સુધી નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા અંગેની ડ્રાઇવ રાખેલ હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇનાઓને મળેલ સયુક્ત બાતમીથી ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૦૫/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ તથા ધી ટ્રેડ માર્ક એકટ કલમ ૧૦૨,૧૦૩,૧૦૪ મુજબના કામના છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા આરોપી અંકિત રાજેશકુમાર મોદી ઉ.વ ૨૮ રહે,રીસાલા બજાર મોદી સમાજની વાડી પાસે ડિસા તા-ડિસા જી-બનાસકાંઠાનાને નારોલ સર્કલ બ્રીજની નીચેથી આજરોજ તા ૨૬/૦૮/૨૦૨૦ ના કલાક ૦૯/૦૦ વાગે પકડી પાડી સારી અને પ્રસંશનીય કામગીરી કરેલ છે તા.૨૬/૦૮/૨૦૨૦

## કામગીરી કરનાર ટીમ

(૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન માર્ગ દર્શન અને સુચના (૨) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન-માર્ગ દર્શન અને સુચના (૩) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;-આરોપી પકડનાર (૪) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;- આરોપી પકડવામા સાથે મદદમા (૫) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;- -----બાતમી (૬) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;- -----બાતમી (૭) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ

ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે મદદમા (૮) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન- આરોપી પકડવામા સાથે મદદમા (૯)લોકરક્ષક સચિન નારણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;- આરોપી પકડવામા સાથે મદદમા (૧૦) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;- આરોપી પકડવામા સાથે મદદમા (૧૧) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;- આરોપી પકડવામા સાથે મદદમા (૧૨) અ.પો.કો પ્રભાતસિહ દેવુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે મદદમા (૧૩) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે મદદમા (૧૪)લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે મદદમા (૧૫) લોકરક્ષક રોહીતસિહ નટુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે મદદમા (૧૬) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે મદદમા (૧૭) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે મદદમા



**ઓઢવ પોલીસ સ્ટેશન :-**

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નર "આઈ" ડીવીજન શ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો આર.જી.જાડેજા પોલીસ ઇન્સ્પેક્ટર ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા આપેલ સુચના આધારે નીચે જણાવેલ સ્ટાફ મારફતે "ઓઢવ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં-૧૧૧૧૯૧૦૩૭૨૦૦૧૦૫/૨૦ ઇ.પી.કો કલમ ૩૨૫ વિ. મુજબના" ગુનાના કામે નાસતા ફરતા નીચે જણાવેલ આરોપીને આજરોજ તા-૨૬/૦૮/૨૦ ના ક.૧૩/૦૦ વાગે કૃષ્ણનગર, ઠક્કરનગર ચાર રસ્તાથી બાતમી હકીકત આધારે પકડાઇ જતા કાયદેસરની કાર્યવાહી કરી નાસતા ફરતા આરોપીને પકડી સારી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા-૨૬/૦૮/૨૦૨૦.

→ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

કે.આર.પરમાર પો.સબ.ઈન્સ, અ.હેડ.કોન્સ ચન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯, અ.હેડ.કોન્સ અશ્વિનભાઇ છનાભાઇ બ.નં-૩૦૦૬૯, વુ.પો.કો માયાબેન રમેશભાઇ બ.નં-૩૫૧૩, લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૩૩૦૨, લોકરક્ષક યશપાલસિંહ લાખુભા બ.નં-૫૪૧, લોકરક્ષક જયદેવસિંહ નાગજીભાઇ બ.નં-૩૨૪૧

→ બાતમી આપનાર અધિકારી/કર્મચારી:

અ.હેડ.કોન્સ અશ્વિનભાઇ છનાભાઇ

આરોપી :- અજય રમેશભાઇ પટણી રહે: ગરીબદાસનગર, જય અંબે સોસાયટીની પાસે, ઠક્કરનગર, કૃષ્ણનગર, અ'વાદ શહેર



# પાસા અટકાયતની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન :-

## શરીર સંબંધી ગુન્હાના ૩(ત્રણ) આરોપીઓની "પાસા" હેઠળ અટકાયત કરતી સરખેજ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી બનાવો અટકાવવા તેમજ આવા બનાવોમાં પકડાયેલા આરોપી વિરુધ્ધ અટકાયતી પગલાં લેવા તેમજ આવા શરીર સંબંધી ગુનાઓની પ્રવૃત્તિ સદંતર નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સરખેજ પોલીસ સ્ટેશન નાઓએ અત્રેના પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેરનાં અન્ય વિસ્તારમાં શરીર સંબંધી ગુનાઓમાં પકડાયેલ ઇસમ વિરુધ્ધમાં ગુનાઓ એકત્ર કરી કરાવી શરીર સંબંધી ગુનામાં પકડાયેલ નીચે જણાવેલ ઇસમો નાઓ વિરુધ્ધમાં અત્રેથી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેરનાઓને પાઠવી મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક: પીસીબી /ડીટેઇન/૭૨૮,૭૨૯,૭૩૦/૨૦૨૦ તા-૨૫/૦૮/૨૦૨૦ ના રોજથી મધ્યસ્થ જેલ લાજપોર, સુરત ખાતે સદર ઇસમોને પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરેલ હોય જેથી સદરી ઇસમોને તા-૨૫/૦૮/૨૦૨૦ ના કલાક ૨૨/૫૫ વાગ્યે ઉપરોક્ત "પાસા" હુકમની બજવણી કરી સદર ઇસમોને યોગ્ય કેદી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતમાં મોકલી આપવા તજવીજ કરેલ છે

આરોપીઓ:-

(૧)સદામહુસેન સ/ઓ જાવેદહુસેન મોમીન ઉવ-૩૧ રહે.મોમીન હાઉસ,૧૦૦ ફુટ રીંગ રોડ,ફતેહવાડી સરખેજ અમદાવાદ શહેર

(૨)જાવેદ ઉર્ફે ગેંગો સાદીકભાઇ શેખ (ઘોરી) ઉવ-૩૧ રહે.મ,નં-૨૯,ખુશ્બુ રો-હાઉસ ,કૈફ મસ્જીદની બાજુમાં ફતેહવાડી સરખેજ અમદાવાદ શહેર

(૩)અમઝદખાન મેદાતખાન પઠાણ ઉવ-૪૩ રહે.મ,નં-૫૩,મીમ રો-હાઉસ,આર.સી.સી રોડ,ફતેહવાડી સરખેજ અમદાવાદ.






## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ પ્રોહીબિશનના ગુનાઓમા પકડાયેલ આરોપી મોહંમદનાશીર ઉર્ફે લેંઘો અબ્દુલહમીદ શેખ ઉ.વ ૩૫ રહે,મ.નં ૧૯૪ કુત્બેઆલમ કોલોની મુરલીધર વિભાગ-૨ ની પાછળ સૈયદવાડી વટવા અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ વી.કે.બારૈયા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ ડી.ટી.એન/પાસા/૭૨૭/૨૦૨૦ તા.૨૪/૦૮/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૨૫/૦૮/૨૦૨૦



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૪૩૨ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૫/૨૦૨૦**

**પાલડીઃ** ક્રીનલબહેન ગીરીશભાઇ શાહ (ઉ.વ.૨૬) (રહે. સુમંગલ ફ્લેટ બેંક ઓફ બરોડાની બાજુમા જૈન મર્ચન્ટ) એ તા.૨૫/૦૮/૨૦૨૦ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૮/૨૦૨૦ સવારના ૭/૫૦ વાગ્યાના સુમારે અજાણી વ્યક્તિએ ક્રીનલબહેનના બેન્ક એટીએમનો ડેટા ચોરી કરી ખાતામાંથી કુલ રૂપિયા ૨૫,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.પાંડવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૬/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** મનિષાબહેન વા/ઓફ રાકેશકુમાર પંચારિયા (ઉ.વ.૪૭) (રહે. કાસા વ્યોમા એપાર્ટમેન્ટ આલ્ફાવન મોલ પાછળ સરકારી વસાહત રોડ વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૦ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સહદેવસિહ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** ગોયલ રો હાઉસ જજીસ બંગલા રોડ બોડકદેવ મકાન નંબર ૨૦ ખાતે ઘરઘાટી તરીકે છેલ્લા પાચેક વર્ષથી કામ કરતા અને ત્યા જ રહેતા જુમારામ કાલુરામ અંગારી (મુળ વતન. ગાવફલી તલેટી જામ્બુડી સીરોહી રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૮/૨૦૨૦ બપોરના ૩/૦૦ થી ૪/૨૦ વાગ્યા દરમ્યાન મકાનની બાજુમા આવેલ હીંડોળા ખાટ પેસેજ ખાતે શેડની લોખંડની પાઇપ સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદનસિહ રઘુનંદનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી